‘વાયુ’ના આગમનના પગલે શહેરમાં વરસાદ

પાટનગરમાં મેઘરાજાની ‘‘ઈનીંગ’’ શરૂ થતા શહેરીજનો આનંદિત : દિવસભર વાતાવરણ વાદળછાયું રહ્યું : મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી નોંધાયુ : દિવસભરનો ઉકળાટ સાંજે વરસાદ સ્વરૂપે વરસતા સર્વત્ર ઠંડક સાથે ખુશાલી છવાઈ

ગાંધીનગર, તા. ૧૨

એક તરફ ગુજરાતમાં દરિયાકાંઠે વાવાઝોડાં ‘‘વાયુ’’ના ત્રાટકવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ ગાંધીનગરમાં સીઝનમાં પહેલીવાર વાદળોની ‘‘એન્ટ્રી’ થવા પામી હતી. વાદળોએ આવતા વેંત પહેલા દિવસથી જ વરસાદી રમઝટનો પ્રારંભ કરી દીધો હતો અને સાંજના સુમારે વરસેલા વરસાદી ઝાપટાથી સમગ્ર શહેરમાં ઠંડક અને શહેરીજનોના દિલમાં ‘ખુશાલી’ પ્રસરી જવા પામી હતી.

દિવસભર આકાશમાં વાદળોની જમાવટના કારણે સીધો તડકો ઓછો હોવા છતાં શહેરમાં મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી સે. રહ્યુ હતુ. દિવસભરના આકરા ઉકળાટના અંતે સાંજે ૮ વાગ્યા પછી અચાનક ગાજવીજ સાથે વરસેલા વરસાદી ઝાપટાએ સમગ્ર પાટનગરને તરબોળ કરી મુક્યુ હતુ અને નગરજનો મોસમના પહેલા વરસાદના આગમન સાથે આનંદિત થઈ પલળવા માટે બહાર આવી ગયા હતા. આજે વરસેલા વરસાદી ઝાપટાને કારણે શહેરના માર્ગો પર વાહનોની ચહલપહલ ઘટી જવા પામી હતી અને સ્વર્ણિમ પાર્ક સહિત ખુલ્લી જગ્યાઓ તથા બગીચાઓમાં હવા ખાવા આવેલા સહેલાણીઓ વરસાદથી પલળી જવા પામ્યા હતા. ઘણા સહેલાણીઓએ જેવા વરસાદી છાંટા શરૂ થયા કે તરત જ સલામત જગ્યા શોધી લીધી હતી તેની સામે અનેક યુવાનો-યુવતિઓ મોટરબાઈક, સ્કૂટર વગેરે પર સવાર થઈને પહેલા વરસાદમાં પલળવાનો આનંદ લેવા કિકિયારીઓ કરતા નીકળી પડ્યા હતા. આજે દિવસભર ઉકળાટ સાથે મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી સે. નોંધાયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાનનો પારો ૩૨ ડિગ્રી સે. અટક્યો હતો. વાતાવરણમાં સવારે જે ભેજનું પ્રમાણ ૬૯ ટકા હતુ તે ઘટીને સાંજ સુધીમાં ૩૬ ટકા રહ્યું હતુ. જોકે મોડી સાંજે ખાબકેલા વરસાદી ઝાપટાંથી ફરી એકવાર શહેરનું સમગ્ર વાતાવરણ ભેજયુક્ત થઈ જવા પામ્યુ હતુ.



રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ-અધિકારીઓની રજા રદ કરાઈ

હેડ ક્વાર્ટર નહીં છોડવાના આદેશ

ગાંધીનગર,તા.૧૨

સમગ્ર રાજ્યમાં વાવાઝોડાને લઈ એલર્ટ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ પર વાવાઝોડાનો ખતરો છે. ત્યારે બનાસકાંઠા વહીવટી તંત્રએ પણ વાવાઝોડાના ખતરાને પહોંચી વળવા સજ્જ થયું છે. તમામ અધિકારીઓની રજાઓ રદ કરી દેવાઈ છે. અને જે તે અધિકારીઓને હેડ ક્વાર્ટર નહીં છોડવા પણ આદેશ કરાયા છે. બનાસકાંઠા જિલ્લો કચ્છની નજીક છે ત્યારે અહીં પણ વાવાઝોડાની અસર થઈ શકે છે. ત્યારે કલેક્ટરના આદેશથી જોખમી હોર્ડિંગ્સ ઉતારી લેવાની કામગીરી હાથ ધરાઈ છે. વિશેષ કરીને મહેસુલ અને આરોગ્યના કર્મચારીઓને ૨૪ કલાક ફરજ પર હાજર રહેવાની તાકિદ કરાઈ છે જ્યારે પોલીસ વિભાગમાં સુરક્ષાના મામલે સતર્ક રહેવા જણાવ્યું છે.

રાંધેજા-વાસણીયા માર્ગ પર વૃક્ષો ધરાશયી થતાં ટ્રાફિક જામ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકામાં વાસણિયા મહાદેવ પાસે પવન આંધી સાથે વરસાદનું આગમન થતાં રાંધેજા-વાસણિયા મહાદેવ પર ટ્રાફિક જામ થઈ ગયો છે.

છેલ્લી ૪૫ મિનિટથી આ ટ્રાફિક જામ થતાં લોકો જાતે વૃક્ષો ખસેડી અને ટ્રાફિકને હળવો કરવાના પ્રયત્નોમાં લાગેલા છે. આ લખાય છે ત્યારે રાત્રીના ૮.૩૦ વાગે પણ વરસાદ ચાલુ છે અને ટ્રાફિક જામ પણ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સાંજે સાત વાગ્યાના સુમારે જોરદાર આંધી સાથે આ પંથકમાં વરસાદનું આગમન થયુ હતુ. જોરદાર આંધી આવતાં રાંધેજા-વાસણીયા મહાદેવ માર્ગ પર મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશયી થતાં ટ્રાફિક જામ થઈ ગયો છે.

આ માર્ગ પર આમેય ટ્રાફિકનું ભારણ વધુ રહેતુ હોય છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા, અંબાજી જવાનો આ માર્ગ સરળ અને નજીક પડતો હોવાથી વાહનચાલકો આ માર્ગ પસંદ કરતા હોય છે.

આ માર્ગ પર બાપુ નોલેજ સીટી પણ ડેવલપ થઈ છે અને હાલ એડમિશનની પ્રક્રિયા ચાલુ હોવાથી ટ્રાફિકનું પ્રમાણ થોડુક વધારે જોવા મળી રહ્યુ છે. આ માર્ગ પર ટ્રાફિક પોલીસના પોઈંટની વારંવાર માંગ ઉઠી છે પણ તંત્ર દ્વારા સતત તે માટે ઉદાસીનતા સેવવામાં આવી રહી છે. જે નોંધનીય છે.

રાંધેજા ચોકડીથી વાસણિયા મહાદેવ સુધી ૪૫ મિનિટ સુધી ટ્રાફિક જામ થતાં મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા છે.

જિલ્લાતંત્ર પણ એલર્ટ મોડ પર

ગાંધીનગર, તા. ૧૨

‘‘વાયુ’’ વાવાઝોડાને પગલે ગાંધીનગર જિલ્લાના તંત્રને પણ એલર્ટ રહેવા માટેના હુકમો કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં દરેક કર્મચારીને ફરજના સ્થળ પર જ રહેવાની કડક સૂચના સાથે ફરજનું સ્થળ છોડતા પહેલા ઉચ્ચ અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે તેમ સ્પષ્ટ આદેશો કરવામાં આવ્યા છે. વાવાઝોડાનો ભય જ્યારે ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં ઉભો થયો છે ત્યારે ગાંધીનગર તંત્રએ પણ સતર્ક રહેવાના આદેશ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મેડીકલ, કૃષિ વિભાગને પણ જરૂર પડ્યે ટીમો મોકલવા માટે તૈયાર રહેવાની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે ગઈકાલે સાંજે જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લામાં ડિઝાસ્ટરના તૈયાર કરાયેલ પ્લાનની પણ ખાસ સમીક્ષા અધિકારીઓની બેઠકમાં કરી અને જરૂરી માર્ગદર્શન આપી દરેક અધિકારીને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે સૂચનાઓ આપી હતી.

છ જિલ્લા માટે ખાસ પ્રભારી સચિવ વાવાઝોડા માટે નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારે ‘‘વાયુ’’ વાવાઝોડાને લઈ તેની અસરો સામે સુવ્યવસ્થિત આયોજન અમલીકરણ, મોનીટરીંગ અને દેખરેખ માટે ૬ જેટલા ઉચ્ચ સનદી અધિકારીઓને જિલ્લાઓ ફાળવ્યા છે જ્યાં તેઓ પ્રભારી સચિવ તરીકેની આ વિશેષ જવાબદારી સંભાળશે.

સરકારે રાજકોટ માટે એ.કે. રાકેશને, કચ્છ માટે અનુપમ આનંદ, ગીર-સોમનાથ માટે રૂપવંતસિંહ, બોટાદ માટે પી. સ્વરૂપ, સુરેન્દ્રનગર માટે એ.એમ. સોલંકી તેમજ જામનગર માટે ડૉ. ટી. નટરાજનની નિયુક્તી કરી છે.

સરકારે સ્પષ્ટતા કરી છે કે આ જિલ્લાના પ્રભારી સચિવો ઉપરાંત ખાસ વાવાઝોડાની સ્થિતિ માટે જ આ નિમણુંક કરવામાં આવી છે. આ અધિકારીઓ આજે જે તે જિલ્લા માટે રવાના થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. દરમ્યાન રાજ્યના ૧૪ જેટલા સિનીયર આઈ.એ.એસ. અધિકારીઓ પણ કંટ્રોલરૂમમાં તેમની ફરજો બજાવી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને જિલ્લાઓને જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે.

સૌરાષ્ટ્ર પ્રવાસન-યાત્રાધામની સર્વિસને રદ કરવા નિર્ણય

યાત્રીઓની સલામતિને ધ્યાનમાં લઇને નિર્ણય : ૧૪મી સુધી યાત્રાધામો માટે સર્વિસ રદ : રિફંડ અપાશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન વ્યવહાર નિગમ દ્વારા વાયુ વાવાઝોડાની સંભવિત વ્યાપક અને વિનાશક અસરને ટાળવા માટે અગમચેતીના ભાગરુપે સૌરાષ્ટ્રના પ્રવાસન ધામો અને યાત્રાધામો તરફ જતી એક્સપ્રેસ અને પ્રિમિયમ બસની સેવા ૧૪મી જૂન સુધી મોકૂફ કરી દીધી છે. આ સેવા રદ કરવા અંગેની જાહેરાત કરવામાં આવી ચુકી છે. મુસાફરોના જાનમાલ અને સુરક્ષાને ધ્યાનમાં લઈને નિગમ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. રિઝર્વેશન કરાવી ચુકેલા મુસાફરોને તેમના નોંધવામાં આવેલા મોબાઈલ નંબર ઉપર બસ રદ તેવા એસએમએસ મોકલી દેવામાં આવ્યા છે. રિઝર્વેશનની રકમનો ફરી રિફંડ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા વાવાઝોડા અંગે આજે બેઠક યોજવામાં આવી હતી. કલેક્ટર ઓફિસ સાથે યોજાયેલી બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચ થઇ હતી. ગીર સોમનાથ જિલ્લામાં ત્રાટકનાર વાયુ વાવાઝોડા અને તેની અસર સંદર્ભે બેઠક યોજવામાં આવી હતી.

‘વાયુ’ના પગલે રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડશે : અંબારામ

વાવાઝોડાથી નિયમિત ચોમાસામાં હરકત થવાની સંભાવના છે : જોકે ૨૫મીથી દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ વરસાદ સાથે ચોમાસુ આરંભાશે

ગાંધીનગર, તા. ૧૨

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે ગાંધીનગર સમાચાર સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, વાવાઝોડુ ‘વાયુ’ના પગલે સમગ્ર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. ઉપરાંત તેજ પવનથી ચોમાસમાં વિલંબ થવાની શક્યતા રહેલી છે. જોકે ૨૫મીની આસપાસ બંગાળના ઉપસાગરમાં દબાણ થતાં દક્ષિણ ગુજરાતથી ચોમાસાનો આરંભ થશે

હાલમાં વાયુ ચક્રવાતનો પ્રકોપ છે ત્યારે તે અંગે જોતાં સૂર્ય મૃગશિર્ષ નક્ષત્રમાં આવતાં તા. ૮ જૂનથી સમયવાહી પ્રવાહનું જોર વધે છે. આ સમયવાહી પ્રવાહનું જોર ઘણુ હતુ તે અને ચક્રવાતનું સર્જન થયુ કારણ કે કેટલાક જાણ્યા અજાણ્યા બળોના લીધે મે માસના શરૂઆતના દિવસો વધુ ગરમ નહોતા. ગરમી પડી નહોતી અને મેના પાછલા દિવસો અને જૂનની શરૂઆતમાં સખત ગરમી પડતાં દેશના ઉત્તરના ભાગો, રાજસ્થાનના ભાગો, મધ્યભાગો અને ગુજરાતના ભાગોમાં ગરમી વધુ પડતાં વાવાઝોડાનો માર્ગ રાજ્યના સૌરાષ્ટ્રના ભાગોમાં જૂનાગઢ, વેરાવળ, પોરબંદરના માર્ગ વચ્ચે ચક્રવાતની અસર થવાની સંભાવના છે. ચક્રવાતની અસરના લીધે સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. કાંઠા વિસ્તારમાં તેજ પવનો ફૂંકાય, ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદની સંભાવના રહે અને મહત્તમ ઉષ્ણતામાન ૩૮ ડીગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની સંભાવના રહે. અમદાવાદના ભાગોમાં પણ મહત્તમ ઉષ્ણતામાન સાંજના સમયે ૩૮ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ, મહેસાણાના ભાગોમાં પણ ૩૮ ડિગ્રી સેલ્સીયસથી નીચુ જવાની શક્યતા રહેશે. સૌરાષ્ટ્રના ભાગોમાં તો મહત્તમ ઉષ્ણતામાન ઘટી જશે અને ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થશે. દરીયામાં કરંટની સ્થિતિ છે એટલે માછીમારો દરીયો નથી ખેડતા તે અંગે જાગૃતિ રાખવામાં આવી રહી છે તે બરાબર છે કારણ કે દરીયાઈ માર્ગમાં વહાણો તેમજ દરીયાઈ સાધનોને મોટી હરકત થવાની સંભાવના રહે. આ વાવાઝોડાથી ચોમાસુ મોડુ થઈ શકે પરંતુ ૨૫મી જૂન આસપાસ બંગાળના ઉપસાગરમાં પણ દબાણ થતાં ચોમાસુ મોડુ પણ સારૂ આવે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદ થાય અને મહત્તમ ઉષ્ણતામાન ઘણુ નીચુ જવાની શક્યતા રહે.

વાવાઝોડાની તીવ્રતા જેટલી તીવ્રતા સાથે સલામતીના પગલા : રૂપાણી

એનડીઆરએફની ૪૭ ટીમો પહોંચી છે, લશ્કર પણ મદદમાં : સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા તંત્રવાહકો સાથે વિડિયો કોન્ફરન્સિંગ કરીને મુખ્યમંત્રી દ્વારા માહિતી મેળવાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ગુજરાતમાં સંભવિત વાયુ વાવાઝોડાની તીવ્રતા અને પવનની ગતિ, વરસાદનું જોર ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓમાં દરિયાકિનારાથી ૧૦ કિલોમીટરના વિસ્તારના ગામોમાં કાચા, અર્ધ પાકા મકાનોમાં રહેતા ૧૦૦ ટકા લોકોને સલામત સ્થળે શિફ્ટ કરવા માટે સંબંધિત જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી સૌરાષ્ટ્ર કચ્છના કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સિંગ સમીક્ષા બેઠક યોજી પરિસ્થિતિની માહિતી મેળવી હતી. વિજય રૂપાણીએ સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે, વાયુ વાવાઝોડા બુધવારની મધ્ય રાત્રિ અથવા તો ગુરુવારે બપોરના ગાળામાં ત્રાટકી શકે છે. આ ગાળા દરમિયાન ૧૬૦ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ભારે વરસાદ પણ થઈ શકે છે. વાવાઝોડાની તીવ્રતા વધી રહી છે. તેમણે એમ પણ કહ્યું છે કે, નિચાણવાળા વિસ્તારના નાગરિકોને સજાગ કરીને તેમને સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. વાવાઝોડાની તીવ્રતા સામે એટલી જ તીવ્રતાથી સલામતીના આગોતરા પગલા, શિફ્ટિંગ જેવી કામગીરીથી ઝીરો ટોલરન્સ, ઝીરો કેજ્યુઆલીટીના ધ્યેય સાથે વાવાઝોડાનો સામનો કરવા પુરુષાર્થ કરવાનો છે. જિલ્લા તંત્રવાહકોને માલ, મિલકત નુકસાન, ઢોર ઢાકર અને માનવ હાનિ ન થાય તે માટે સલામતભર્યુ આયોજન કરવાની તાકિત કરી છે. જિલ્લા કલેક્ટરોને એમ પણ કહ્યું છે કે, પશુપાલકો અને ખેડૂતો પોતાના પશુઓને બાંધીને ન રાખે જેથી પશુ જીવન હાનિ પણ નિવારી શકાય. સ્થળાંતરની પ્રક્રિયામાં પ્રજાજન સહકાર આપે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

રૂપાણીએ જિલ્લા કલેક્ટરો સાથે વાતચીત કરીને સંબંધિત જિલ્લાની સજ્જતા અને સતર્કતાની માહિતી મેળવી હતી. ઉચ્ચ સ્તરીય બેઠકોની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ રજૂ કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રાલય પણ ગુજરાતના સંપર્કમાં છે. રાજ્યમાં સંભવિત આપદાને પહોંચી વળવા ૪૭ ટીમ એનડીઆરએફનીઆવી ચુકી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com